પ્રાપ્તિ તારીખ :૦૭–૧૦–૨૦૧૭
નોંધ્યા તારીખ :૦૭–૧૦–૨૦૧૭
ફેંસલ તારીખ :૧૨–૧૦–૨૦૧૭
સમય :વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૦૫

**અમરેલીના મે.અધિક સત્ર ન્યાયાધીશશ્રીની અદાલતમાં,**
**મુકામ–અમરેલી.**

**ફોજદારી પરચુરણ અરજી નંબર : ૬૬૮/૨૦૧૭**

આંકઃ

અરજદાર :– મહેશ ઉર્ફે મયલો રમેશભાઈ સાકરીયા,
ઉ.વ.૨૦, ધંધો મજુરી, ધર્મે હિન્દુ,
રહે. લાઠી, જિ. અમરેલી.
હાલ સબ જેલ, અમરેલી.

**વિરુધ્ધ**

સામાવાળા :– શ્રી સરકાર.
(નોટીસ થ્રુ અમરેલી જિલ્લા સરકારી વકીલશ્રી)

---

અરજ:ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૯ અન્વયે જામીન ઉપર મુકત કરવા.

---

અરજદાર તરફે – વિધ્વાન વ.શ્રી ડી.એમ. બગથલીયા
સામાવાળા શ્રી સરકાર તરફે – વિધ્વાન પી.પી.શ્રી એમ.બી. સોલંકી

---

**: ચુ કા દો :**

(૧) અરજદાર/આરોપી તરફે અરજીમાં એવુ જણાવેલ છે કે, તેઓની સામે લાઠી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.રજી.નં.૩૮/૨૦૧૭, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૫૦૬(૨) અન્વયેનો આક્ષેપ કરી ફરીયાદ આપવામાં આવેલ છે. તેઓએ તેમની અરજીમાં વધુમાં જણાવેલ છે કે, તેઓએ આક્ષેપીત ગુનો કરેલ નથી અને ગુનાના કામે તેઓને ખોટી

રીતે સંડોવી દીધેલ છે અને તેઓ નિર્દોષ છે. કેસના ગુણદોષ અને હકિકત જોતા તેઓના વિરૂધ્ધ કોઈ પ્રાઈમરી ગુનો બનતો નથી અને કેસની પોલીસ તપાસ પૂર્ણ થઈ ગયેલ છે. મહત્વની અને નોંધનીય હકિકત એ છે કે મરનાર ભુમીકા તા.૧૪–૭–૧૭ ના વહેલી સવારના રોજ ઝેરી દવા પીધેલ અને સાત વાગ્યે અમરેલીની નવજીવન હોસ્પીટલમાં તે જ દિવસે ગુજરી જતા મરનારના પિતાએ અકસ્માત મૃત્યુંની જાહેરાત ચોથા દિવસે કરેલી અને ત્યારબાદ એટલે કે તા.૨૩–૬–૧૭ ના રોજ આશરે ૨૦–૩૦ કલાકે મરનાર સગી બહેન જે બીજા ગામે સાસરે છે, પણ જીઆણું માટે લાઠી આવેલ તેણે લાઠી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલ અને ફરિયાદીને આગલા દિવસે તેની બહેનને ઝેરની ટીકડી જેવું આપી ગયાનું જાણતા હોવા છતાં તથા તુરત જ તેના પિતા બોલાવ્યા, તેઓ જાણતા હોવા છતાં ૯ દિવસ સુધી મરનારની વર્ણવેલી કોઈ જ હકિકત તેના પિતાને કરતા નથી, તે જ હકિકત સુચવે છે કે ફરિયાદી ઈરાદાપૂર્વક હેરાન કરવાના ઈરાદે જ કહેલ છે. ફરિયાદ મોડું કરવાનું કોઈ જ કારણ રેકર્ડ ઉપર આવતું નથી. વળી, મરનાર બનાવ બાદ ઘણા કલાક જીવીત રહેલ તેમ છતાં તેણે ત્રાસ કે પ્રેમની કોઈ જ હકિકત તેઓના માતા કે પિતાને જણાવતા નથી કે તેનું કોઈ મરનારનું મૃત્યું નિવેદન લેવામાં આવેલ નથી. તેઓની જાણ મુજબ પ્રાથમીક સારવાર આપી, ત્યારબાદ નવજીવન હોસ્પીટલમાં સારવાર કરનાર ડોકટર આરોપીના ત્રાસની કોઈ જ હકિકત કહેલ નથી. ફરિયાદ જોતા એ હકિકત ફલીત થાય છે કે પોલીસને જાણ કર્યા વગર જ મરનારની અંતિમ સંસ્કાર વિધી કરવામાં આવેલ છે. જેથી પોસ્ટ મોર્ટમ થયેલ જ નથી, તે વગર મરનારે ઝેર પીધાનું પ્રથમ દ્રષ્ટિએ સાબીત થતું નથી. મરનારે તેની ફરિયાદી બેન જે જે બનાવો બતાવતા, આગલા દિવસે બનેલ તે હકિકતો જાણવા છતાં ૯ દિવસ સુધી મૌન હકિકત તા.૨૩–૬–૧૭ ના રોજ ફરિયાદમાં પોતાની મેળે જ ઉપજાવી કાઢેલી હકિકતોથી ફરિયાદ આપેલ છે, એ ફરિયાદ જ શંકાસ્પદ છે. તેઓને જામીન આપવામાં આવશે તો તેઓ કયાંય નાશી ભાગી જાય તેમ નથી અને ટ્રાયલ વખતે હાજર રહેવાની ખાતરે આપે છે. પોલીસ તપાસ પૂર્ણ થયેલ છે, છતાં પોલીસ તપાસમાં સહકાર આપવા તૈયાર છે. તેઓના કુટુંબીજનોમાં તે એક જ કમાનાર છે, જેથી આજીવીકાની તકલીફ ઉભી થયેલ છે. વળી, નામ.ગુજરાત હાઈકોર્ટે ઉચિત કેસમાં ઠરાવ્યા મુજબ જામીન મુકત કરવા જરૂરી છે. ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ માં ૧૦ વર્ષની

જોગવાઈ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે નામદાર કોર્ટ ફરમાવશે તેટલી રકમના સધ્ધર જામીન આપશે તેમજ નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તે શરતોનુ પાલન કરશે, જેથી તેઓએ રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૨) આ કામે અરજદાર/આરોપી તરફે આપેલ અરજી વંચાણે લેવામાં આવેલ છે. સદર અરજી સાથે રજૂ કરવામાં આવેલ દસ્તાવજી પુરાવાનુ લીસ્ટ વંચાણે લેવામાં આવેલ છે અને સદર કામે અરજદાર/આરોપીના વિ.વ.શ્રીની દલીલ વિગતવારની સાંભળવામાં આવેલ છે તેમજ વિ.સરકારી વકીલશ્રીની દલીલ સાંભળવામાં આવેલ છે અને તપાસ કરનાર અમલદારનું સોગંદનામું તથા તેની સાથે રજૂ કરેલ પોલીસ પેપર્સ પણ વંચાણે લેવામાં આવેલ છે.

(૩) આ કામના અરજદાર/આરોપી ઉપર ફરીયાદપક્ષનો એવો આક્ષેપ છે કે, ફરિયાદીની બહેન ભુમીકાને મહેશ ઉર્ફે મયલો રમેશભાઈ સાકરીયાની સાથે પ્રેમસંબંધ હોય, જેના કારણે આરોપીએ ભુમીકાને ત્રાસ આપી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, ભુમીકાબેનને મરી જવા માટે મજબુર કરી, મરણ જનારે ઝેરી દવા પી જઈ મરણ જઈ, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૫૦૬(૨) અન્વયેનો ગુનો કર્યાનો આક્ષેપ છે. સદર કામે તપાસ કરનાર અમલદારે અરજદાર/ આરોપીને અટક કરેલ છે અને હાલ તેઓ જયુડિશ્યલ કસ્ટડીમાં છે. આ કામે તપાસ કરનાર અમલદારે પોલીસ પેપર્સ તેમજ તેમનું સોગંદનામું રજુ કરેલ છે, જે વંચાણે લેવામાં આવેલ છે. જો કે આ કામે થયેલ ફરિયાદની હકિકત ધ્યાને લેવી જરૂરી છે, જે વંચાણે લેતા તેમાં જણાવાયેલ છે કે ફરિયાદીની બહેન ભુમીકાને અરજદાર / આરોપીએ પ્રેમજાળમાં ફસાવી દીધેલ અને અવાર નવાર ધમકી આપી તથા બ્લેક મેઈલ કરતો હતો અને જણાવતો હતો કે જો તું મારી સાથે પ્રેમસંબંધ નહિં રાખે તો હું તને બદનામ કરી નાંખીશ અને તારા આખા ઘરને પતાવી દઈશ, જે અંગત વાતો મરણ જનાર હાલના ફરિયાદીને કરતી હતી તેમજ વધુમાં મરણ જનાર એમ પણ કહેતી હતી કે તેનાથી આ મહેશનો ત્રાસ સહન થતો નથી અને હું કાંઈક કરી બેસીસ તેમજ છેલ્લે મહેશે એવી ધમકી આપેલ હતી કે તું મરી જા કે જીવતી રહે તેનાથી મારે કોઈ લેવા

દેવા નથી અને હું તને ભગાડીને જ રહીશ અને તારે મરવું હોય તો મરી જા મને કોઈ ફેર પડતો નથી, તેમ કહી મહેશે ભુમીકાને કોઈ વસ્તુ હાથમાં આપેલ, જે ઝેરી ટીકડા હતા. સદર હકિકત ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલ છે, કે જે મરણ જનારે તેમને જણાવેલ છે. આ કામે તપાસનીશ અધિકારીએ બીજા સાહેદોના નિવેદનો નોંધેલ છે, તેમાં પણ આરોપીના વર્તન અંગેની સ્પષ્ટ હકિકત જણાય આવે છે અને આરોપીનો ત્રાસ મરણ જનારને હતો તે પોલીસ પેપર્સ વંચાણે લેતા પણ જણાય આવે છે. તેથી અરજદાર / આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ હોવાની હકિકત સ્પષ્ટ થાય છે. પોલીસ પેપર્સ વંચાણે લેતા પણ સ્પષ્ટ થાય છે કે ભોગ બનનાર ઉપર અરજદાર / આરોપી ઘ્વારા એટલો બધો ત્રાસ ગુજારવામાં આવતો હતો કે જેનાથી ભોગ બનનારે પોતાનું જીવન ટુંકાવી નાંખવા માટે મજબુર થવું પડેલ. કોઈ પણ સ્ત્રી વિના કારણે પોતાનું જીવન ટુંકાવવા તૈયાર થાય નહિં. ફરિયાદપક્ષના કથન મુજબ અરજદાર / આરોપીના ત્રાસના કારણે મરણ જનારે ઝેરી ટીકડા ખાઈ આપઘાત કરેલ છે. જે સાહેદોના નિવેદનોથી પણ સમર્થન મળે છે તેમજ પી.એમ. રીપોર્ટમાં પણ તે હકિકત જણાવેલ છે. જયારે એફ.એસ.એલ.માં નમુનો પરિક્ષણ માટે મોકલવામાં આવેલ અને તે પરિક્ષણ અહેવાલને વંચાણે લેતા નમુનામાં એલ્યુમિનીયમ ફોસ્ફાઈડ નામના અકાર્બનિક પ્રકારના રાસાયણીક ઝેરના ઘટકોની હાજરી હોવાની હકિકત જણાવવામાં આવેલ છે. સદર તમામ હકિકતો જોતા ગુજરનારે ઝેરી ટીકડા ખાઈ આપઘાત કરેલ હોવાની હકિકત સ્પષ્ટ થાય છે. આ કામે તપાસનીશ અધિકારીએ આંક–પ થી સોગંદનામું રજૂ કરેલ છે, જે સોગંદનામાના પેઈઝ નં.૩ ઉપર તપાસ કરનાર અમલદારે સ્પષ્ટપણે જણાવેલ છે કે અરજદાર / આરોપી ગુનાહીત ઈતિહાસ ધરાવે છે, જે અંગે તેમણે લાઠી પોલીસ સ્ટેશનમાં હાલના અરજદાર / આરોપી સામે કેસો ચાલે છે, તે કેસોના ગુના રજીસ્ટર્ડ નંબરની યાદી રજૂ કરેલ છે, જે મુજબ અરજદાર / આરોપી સામે ૮ કેસો ચાલી રહેલ છે. સઘળી હકિકત જોતા અરજદાર / આરોપી સામે ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે અને અરજદાર / આરોપી ગુનાહીત ઈતિહાસ ધરાવે છે, તેથી અરજદારને જામીન મુકત કરવાનો હુકમ કરવો યોગ્ય, વ્યાજબી અને ન્યાયોચીત જણાતું નથી અને તેથી અરજદાર / આરોપીની તરફેણમાં વિવેકબુઘ્ધિનો ઉપયોગ કરવા ન્યાયોચિત જણાતું નથી, જેથી અરજદાર/આરોપી તરફે આપવામાં આવેલ જામીન અરજી મંજુર કરવાને પાત્ર ન હોય, નીચે મુજબનો આખરી

હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદાર/આરોપી–મહેશ ઉર્ફે મયલો રમેશભાઈ સાકરીયાની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

ચુકાદો આજરોજ તારીખઃ ૧૨મી માહે ઓકટોબર સને ૨૦૧૭ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

અમરેલી.
તા.૧૨–૧૦–૨૦૧૭ .

(**એન.પી. ચૌધરી**)
અધિક સત્ર ન્યાયાધીશ,
અમરેલી.
**GJ00374**